

## સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*'ધારાસભ્ય' હતા ત્યારે જ ઘર ભરી લીધું છે!*
*પ્રજા અને સરકારનું ખૂબ કરી લીધું છે,*
*ચરી લીધું છે આંખ મીંચીને લીલું અને સૂકું -*
*સાત પેઢી ચાલે ખેટલું તો સેરવી લીધું છે!!*
*(લ્યો ! હવે માજી-ધારાસભ્યો પેન્શન માગે છે!)*

હાઈકુ

*પડે છે ઢીલો -*
*અજગરી ભરડો,*
*સત્તા-સામેનો...*
*(ભાજપમાં ઉઠતો વિરોધી સૂર)*

*કમૂરતાં માં,*
*કરી લીધી ખાયકી -*
*હવે કડક!*
*(ભ્રષ્ટાચાર વિરુદ્ધ લાલ આંખ)*

### ચિંતન

**દાનાય લક્ષ્મી : સૃકુતાય વિદ્યા ચિન્તા પરબ્રહ્મવિનિશ્ચાય ।**
**પરોપકારાય વચાંસિ યસ્ય વન્દ્યસ્ત્રિલોકી તિલક: સ એવ ॥**

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નાવલીમાંથી લેવાયેલ છે.

જેની લક્ષ્મી દાન આપવા માટે છે, વિદ્યા સારા કાર્ય કરવા માટે છે, વિચાર પરબ્રહ્મના સાક્ષાત્કાર માટે છે અને વાણી પરોપકાર માટે છે, તે માણસ તો ત્રણેય લોકના તિલકરૂપ અને પરમ વંદનીય છે.

ધનનો ઉપયોગ દાન માટે જ થવો જોઈએ. પરોપકાર અને પુણ્યમાં જ ધનનો સદુપયોગ કરવો જોઈએ. વિદ્યાથી જનસેવા થઈ શકે ડોકટર સેવાભાવી થઈ શકે વિજ્ઞાની વિશ્વ માટે સારાં સંશોધન કરી શકે. પરબ્રહ્મ - ઈશ્વર - પ્રભુ પ્રાપ્તિની જ માત્ર ચિંતા કરવી જોઈએ. હકારાત્મક વિચાર અને વાણીથી સદ્ભાવ ફેલાવવો જોઈએ.

આવા સદ્ગુણી સજ્જન ત્રણે લોકમાં પૂજનીય અને વંદનીય છે.

### સુવિચાર

- જે વસ્તુ તમને ચેલેન્જ કરી શકે છે... એ જ વસ્તુ તમને ચેન્જ કરી શકે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઉંમર તમને દોસ્તી કરતાં રોકતી નથી, પણ દોસ્તી તમને ઉંમરલાયક થતા જરૂર રોકે છે - **બોધિવૃક્ષ**
- જેનામાં 'રાગ'નામનો રોગ નથી એવા વીતરાગની કૃપાથી અનંતકાળનો રોગ જાય - **આપ્તસૂત્ર**
- જે સુખ આવ્યા પછી જાય નહીં તેનું નામ 'આત્માનું સુખ' - **ઓશો**
- નાદાન માણસ જ જિંદગીનો સાચો આનંદ લે છે,
  વધારે હોંશિયાર તો હંમેશા 'અટવાયેલો' જ રહે છે - **મનહર શેઠ**
- જયાં મોક્ષ છે ત્યાં કષ્ટ નથી અને જયાં કષ્ટ છે ત્યાં મોક્ષ નથી - **બાલમુકુંદ જાની**
- આજનું ઔષધ : ચોખાના ધોવાણમાં ખડીસાકર અને ચપટી સૂરોખાર મેળવી પીવાથી અટકીને થતો પેશાબનો રોગ મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

અંગ્રેજો એ સુભાષચંદ્ર બોઝને માંડલેની જેલમાં રાખ્યા હતા. જયાં એમને હવા - પાણી માફક ન આવતા તબિયત લથડવા લાગી હતી. આખા દેશમાં એવા આંદોલનો પણ થયા અને અંગ્રેજો પર એવો દબાવ આવ્યો કે સુભાષબાબુને છોડી મૂકો. પણ અંગ્રેજો તેમને છોડવા તૈયાર ન હતા. સરકારી દાકતરે પણ સરકારને રિપોર્ટ આપ્યો કે 'જો સુભાષ બાબુને છોડવામાં નહીં આવે તો કદાચ જેલમાં જ તેમનું મૃત્યુ થશે અને એથી સરકારને કલંક લાગશે.' છેવટે સરકારે સુભાષબાબુને હવાફેર માટે સ્વિત્ઝર્લેન્ડ જવા સશર્ત પરવાનગી આપતો પત્ર પાઠવ્યો. જેમાં જણાવ્યું હતું કે તેમની સ્ટીમર હિંદુસ્તાનના કોઈ બંદરે થોભવી જોઈએ નહીં.' સુભાષબાબુએ આવી શરત વાળો પત્ર વાંચી ફાડીને ફેંકી દીધો. તેમને પોતાના ભાઈને એક પત્રમાં જણાવ્યું, 'ત્રાસ બચાવવા ખાતર પરદેશ જવું એના કરતા તો માતૃભૂમિના ખોળામાં શાંતિથી મરણ પામવાનું હું વધારે પસંદ કરું છું. ઈશ્વરે મારી કસોટી કરવા માંડી છે, પણ મને પૂરો વિશ્વાસ છે કે હું કસોટીમાંથી પાર ઉતરીશ.' અમારા જેવા ભલે જેલમાં રિબાઈ રિબાઈને મરણ પામે, પણ અમારા વિચારો કદી મરવાના નથી, સરકાર અમારા વિચારો પર કદી કાબૂ નહીં મૂકી શકે, એની મને દઢ શ્રદ્ધા છે.' લોકોનો રોષ જોઈ અંગ્રેજોને ઝૂકવું પડ્યું અને છેવટે સુભાષબાબુને બિનશરતી છોડવા પડ્યા.

# ભાજપમાં નેતૃત્વ પરિવર્તન

**તંત્રીસ્થાનેથી...**

કોંગ્રેસને પરિવારવાદી પાર્ટી કહી ભાંડનારી ભાજપની નેતાગીરી છેલ્લાં વર્ષો દરમિયાન બે વ્યક્તિઓમાં સમાઈ ગઈ હોય એવું લાગવા માંડ્યું હતું. બેઉ ગુજરાતી નેતાઓનો આવો દબદબો કદાચ લોકશાહીના ઈતિહાસની અભૂતપૂર્વક ઘટના તરીકે નોંધાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાર્ટીના રાષ્ટ્રીય મહામંત્રીની ભૂમિકા ભજવ્યા પછી સીધા જ ગુજરાતના મુખ્યમંત્રી પદે આરૂઢ થઈ પાર્ટીને નવું બળ સંપડાવ્યું જેની ફલશ્રુતિ સ્વરુપે યુપીએ સરકારના દશ વર્ષના ભ્રષ્ટાચારી શાસનને ઉથલાવી તેઓ વડાપ્રધાન બની શક્યા હતા અને બીજી ટર્મ માટે પણ પ્રચંડ જનસમર્થન પ્રાપ્ત કરી શક્યા હતા. એટલું જ નહીં, એમને દેશના ઘણા મોટા વિસ્તારમાં ભાજપ શાસન પ્રસ્થાપિત કરી કોંગ્રેસને સાવ જ હાંસિયે ધકેલી દેવામાં ધારી સફળતા મેળવી હતી. આ તમામ પરાક્રમમાં એમનો સૌથી વધુ સહકાર વિશ્વાસુ સાથીદાર અમિત શાહ તરફથી મળતો રહ્યો હતો. કયારેક ગુજરાતમાંથી તડીપાર થયેલા અમિત શાહ અદાલતી કાર્યવાહીમાં ક્લીનચીટ મેળવીને પાર્ટીના સર્વોચ્ચ પદ - રાષ્ટ્રીય અધ્યક્ષની જવાબદારી સ્વીકારવા તૈયાર થયા અને વડાપ્રધાન મોદી માટે પોતાનાં રાજકીય લક્ષ્યાંકો આંબવા માટે ભારે સાનુકૂળ સંજોગો સરજાયા. ગુજરાતમાં મોદીનાં વિશ્વાસુ અનુગામી આનંદીબેન પટેલનો એકડો કાઢી નાખવામાં અમિત શાહને ઝાઝી તકલીફ નહોતી પડી. એક શક્તિશાળી વ્યૂહરચનાકાર તરીકે અમિત શાહનો રાજકીય ક્ષેત્રે તીવ્ર ગતિએ વિકાસ થયો તે ત્યાં સુધી કે એમના પુરોગામી રાષ્ટ્રીય નેતાઓ અને પાર્ટીના પૂર્વ પ્રમુખો હાંસિયે ધકેલાઈ ગયા અને અત્રતત્ર સર્વત્ર મોદીની લગોલગ અમિત શાહનો જય જય કાર થવા લાગ્યો. બીજી ટર્મ મળતાં મોદીએ વિજયના વિશ્વકર્મા તરીકે અમિત શાહને ગૃહમંત્રી બનાવી બાકીના સિનિયર નેતાઓને એમની હેંસિયત બતાવી દીધી. મહદંશે ચૂંટણી લડવા અને જીતવાનાં સમીકરણોમાં સીધાં પડતાં અમિત શાહ માટે 'ચાણક્ય' જેવું વિશેષણ વપરાતું થઈ ગયું છે. ગૃહમંત્રી પદે આવ્યા પછી એમને જે ઐતિહાસિક અને બીજો કોઈ નેતા ભાગ્યે જ લઈ શકે એવા નિર્ણયો લેવામાં વડાપ્રધાન સાથે ખભેખભા મિલાવીને કામ કર્યું. આમાં ટ્રિપલ તલાક, કાશ્મીરનો વિશિષ્ટ દરજ્જો સમાપ્ત કરી એના ટુકડા કરી કેન્દ્ર સરકાર શાસિત પ્રદેશોમાં ફેરવવાનો નિર્ણય અને છેલ્લે નાગરિકતા સંશોધન કાનૂન જેવી બાબતોનો સમાવેશ થાય છે. અમિત શાહ ગૃહમંત્રી તરીકેની અત્યંત સંવેદનશીલ અને મહત્ત્વની જવાબદારી નિભાવતા હોઈ રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે કાર્યકારી પ્રમુખ તરીકે કાર્યરત જે.પી. નડ્ડાને સંપૂર્ણ સંગઠનની જવાબદારી સોંપવા માગતા હતા. આ અંગે એમને વડાપ્રધાન સમક્ષ ચર્ચા કરી લીધી છે અને પાર્ટીના મહત્ત્વના પદાધિકારીઓ તથા કેન્દ્ર સરકારના મંત્રીઓ સહિત બધા જે.પી. નડ્ડાને સર્વસંમતિથી રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે સ્વીકારવા તૈયાર થયા છે. જો કે અધ્યક્ષ પદ છોડવાથી અમિત શાહનું કદ ઘટવાનું નથી જ. મોદી અને શાહની જુગલજોડી જ સત્તાના સર્વોચ્ચ સ્થાને રહી સંગઠન પર રિમોટ કંટ્રોલ જાળવી જ રાખશે એ વિશે શંકાને સ્થાન નથી. જો કે લોકશાહી ઢબે કામ કરતી પાર્ટી માયે નિયત સમયે સંગઠનની ચૂંટણી થવી જોઈએ એ મુજબ જગતનારાયણ નડ્ડા જેવા વિશ્વાસુ સાથીની સર્વાનુમતે તાજપોશી કરાવી મોદી-શાહ કોંગ્રેસમાં ચાલતા પરિવારવાદી રાજકારણ સામે ભાજપ લોકશાહી ઢબે મેરીટ બેઝ પર કામ કરતી પાર્ટી છે અને એમાં પાયાના કાર્યકરને સર્વોચ્ચ પદ પર આરૂઢ થવાની તક રહેલી છે એની પ્રતીતિ કરાવવા જરૂર પ્રયાસ કરશે.

# સ્વજનો - પ્રિયજનો સાથે પ્રવાસનો-યાત્રાનો આનંદ હંમેશા લેવો જોઈએ...



**અજવાળું - અજવાળું**
તુષાર જોશી

'હજી તો ઉંમર જ શું છે એની ? ફક્ત પાંચ કરોડ વર્ષ.... એક નવયુવાનમાં હોય એવો તરવરાટ ને તોફાન ને તાંડવ બધ્ધું એને હસ્તગત છે....' સુરતના કર્મવીર ભટ્ટ જેના વિશે વાત કરી રહ્યા હતા એ હતો પર્વતાધિરાજ હિમાલય..

પુરાણોમાં દેવભૂમિ તરીકે પ્રસિદ્ધ અને ઋષિમુનિઓની તપોભૂમિ એવા હિમાલયની ભૂમિ લાખ્ખો-કરોડો લોકોની જેમ એમને પણ આકર્ષતી હતી એટલે તેઓ પંચકેદાર પૈકીના ત્રણ (કેદારનાથ, તુંગનાથ અને મદમહેશ્વર) ના ટ્રેકીંગમાં અને યાત્રામાં ગયા પછી એમના પ્રવાસ વર્ણનો વિશે લખવા બેઠા તો જાણે એક પુસ્તકનું પ્રાકૃતિક સૌંદર્ય - પૌરાણિક કથાઓ, રોજ-રોજના સંવેદનસીલ અનુભવો, જે તે મંદિરોનો ઈતિહાસ અને શિલ્પ-સ્થાપત્ય, સ્થાનિક લોકોની કોઠાસૂઝ અને પ્રેમભાવ, તીર્થોમાં જોવા મળથી ભીડ, એની વ્યવસ્થાઓ, ભક્તિ અને ભભૂતનો રંગ, ભક્તોનો ભક્તોનો ભક્તિભાવને એવું એવું કેટકેટલું સહુની જેમ તેઓએ આ યાત્રામાં અનુભવ્યું.

'શ્રદ્ધા, સામર્થ્ય અને સંપત્તિ... જેમની પાસે જેટલા હોય એ મુજબ અહીં દર્શને આવતા પ્રવાસીઓ અમે જોયા... ઓફ સીઝનમાં આટલી ભીડ તો મે-જૂનમાં તો પ્રવાસીઓનો કેવો ધસારો થતો હશે ?...' એમના સહયાત્રી નીલેશ શાહ કહે છે....

કેદારનાથ જવાનો પગપાળા માર્ગ સ્લીપર પહેરીને, માત્ર દસ રૂપિયાના બીસ્કીટ ખાઈને પસાર કરનારા ૭૦-૭૫ વર્ષના વૃદ્ધોને જોઈને વંદન કરવાનું મન થઈ જાય આ યાત્રામાં. સીમેન્ટ અને પથ્થરના રોડ, થોડા થોડા અંતરે પીવાનું પાણી - શૌચાલયો, વેધર શેડ, માહિતી આપતા સાઈન બોર્ડ, ભોજન-ચા-નાસ્તાની વ્યવસ્થા, બધ્ધું જ સરસ રીતે ગોઠવાયું છે અહીં. ૨૦૧૩માં આવેલી મહાવિનાશક રેલ અને પછીની વિપદાઓ સહન કરીને ફરી પાછા બેઠા થઈ રહ્યા છે લોકો. કલાકો સુધી કતારમાં ઊભા દર્શન થાય અને તોયે જગત આખામાંથી અહીં શિવભક્તો દર્શને આવે, એ વાત જ દેવાધિદેવ મહાદેવના અપ્રતિમ મહિમાની અનુભૂતિ કરાવે છે.

'હિમાલયમાં પગપાળા જવાનો આનંદ લેનાર માટે યાત્રા અને પ્રકૃતિ દર્શન બંને હેતુ સરે છે, આપણે સાથીઓ સાથે ઓછી જાત સાથે, પરમ અસ્તિત્વ સાથે વધુ વાતો કરતા હોઈએ એવું લાગતં હતું...' પોતાનો અનુભવ વર્ણન કરતા વલસાડની સોનલ શાહ કહે છે.

હિમાલયમાં ટ્રેકિંગ કરનારાઓ એ અનુભવ છે કે ટ્રેકિંગના માર્ગો નદીઓની વાટે ને ઘાટે વધુ અનુભવવા મળે છે. નદી-નાળા-ઝરણા-પહાડો-ખુલ્લા મેદાનો અને ઉપર અનંત ભૂરું આકાશ, કયારેક તડકો ને કયારેક વરસાદ... કયાંક હૂંફાળું તો કયાંક ટાઢુંબોળ કરનારું પાણી.... રંગબેરંગી ફૂલો-પાંદડાંઓને વનસ્પતિઓ ... ખુશનુમા અને તન-મનને પ્રસન્ન કરનારું વાતાવરણ સહુના માટે ઉંમરના પાંચમા દાયકામાં જાણે ઉદ્દીપક બન્યું હતું. લીલા જાજમ પાથરી હોય તેવા ઢાળ, ઘાટીઓ અને ધાર, નદી કે ઝરણાનો મીઠો રવ કોઈને કોઈ ગીત ગણગણવા જાણે મજબૂર કરી દેતા હતા. હિમાલયનો આ પ્રવાસ, જેની લાંબા સમયથી સહુને પ્રતિક્ષા હતી, એ વાસ્તવમાં અર્થપૂર્ણ અને અનુભૂતિથી ભર્યો ભર્યો બની રહ્યાની અનુભૂતિ સાથે વૈભવી ભટ્ટ, દીપા સ્વામી અને અન્ય મિત્રો મીઠા સંસ્મરણો સાથે, ફરી જવાના સંકલ્પ સાથે પરત ફર્યા.

હિમાલયની ગીરીકંદરાઓમાં જયારે જવાનું થાય ત્યારે ત્યારે કોઈ અદ્ભૂત અને અવર્ણનીય અનુભવો થયાનું મારું પણ સ્મરણ છે. જેટલીવાર જઈએ, પરત આવતા ફરી આવવાનો મનોરથ વ્યક્ત થઈ જ જાય.

વિશ્વ આખામાં અને આપણા ઘરની આસપાસ પણ પ્રવાસન માટેના અનેક સ્થળો છે, ત્યાં સમય અનુકૂળતા ઊભી કરીને પણ સ્વજનો - પ્રિયજનો સાથે પ્રવાસનો-યાત્રાનો આનંદ હંમેશા લેતા રહેવો જોઈએ... જિંદગીમાં થોડી વધુ પ્રસન્નતા - થોડું વધુ માધુર્ય અને આનંદ ઉમેરાય છે અને આવું થાય ત્યારે પ્રવાસનના રાજમાર્ગ પર જાણે અજવાળા રેલાય છે.

# વિશ્વ સામે માથું ટટ્ટાર રાખવાનું શીખવ્યું વિવેકાનંદે



**વિચારયાત્રા**
ડો. જય ઓઝા

કાકા કાલેલકરે કહ્યું છે કે, સ્વામી વિવેકાનંદે નવભારતનો-પ્રબુદ્ધ ભારતનો- પ્રારંભ કર્યો તેથી હું તેમને યુગપુરુષ માનું છું. તેમણે ટાગોર, મહર્ષિ અરવિંદ અને ગાંધીજીના યુગકાર્યમાં પણ વિવેકાનંદનો ફાળો જોયો છે. આમ કહેવામાં પૂરું ઔચિત્ય છે. સ્વામી વિવેકાનંદના શિકાગો ખાતેનાં વકતવ્યનું ખૂબ ગૌરવ કરવામાં આવે છે તે એટલા માટે કે તેમણે એ વકતવ્ય વડે જગત સામે ભારતીય સંસ્કૃતિનું ગૌરવ પૂરી તેજસ્વિતાથી સ્થાપી આપેલું.

૧૨ જાન્યુઆરી, ૧૮૬૩માં જન્મેલા નરેન્દ્રનાથ દત્ત હવે ૧૫૬ વર્ષના થયા ગણાય. દોઢસો વર્ષ કાંઈ બહુ દૂરનાં વર્ષ ના ગણાય. આપણે ત્યાં સ્વામી, સાધુ, સંતોની પરંપરા તો ઘણી જૂની છે, પણ વિવેકાનંદ એવા 'સ્વામી' છે જે કોલકતાની પ્રેસિડેન્સી કોલેજમાં ભણ્યા હતા. આપણે ત્યાં હિમાલયમાં જઈ તપ કરનારા યા અમુક મઠોમાં રહેનારા સાધુઓનો મહિમા હતો, જયારે સ્વામી વિવેકાનંદે મઠ જરૂર સ્થાપ્યો પણ મૂળ તો 'સાધુ તો ચલતા ભલા' હતા, પણ આધુનિક અર્થમાં. તેઓ ભણતા હતા ત્યારે જ એક તરફ વેદ, ઉપનિષદ, પુરાણો વાંચ્યા તો બીજી તરફ ભગવદ્ ગીતા, રામાયણ, મહાભારત જેવા મહાકાવ્યો વાંચ્યા. વાંચ્યા નહીં મૌલિક અર્થઘટન સાથે વાંચ્યા કારણ કે ત્યારે અંગ્રેજોએ દેશને અને લોકોને ગુલામી માનસિકતામાં ધકેલી દીધા હતા. દરેક દેશને પોતાની આગવી ચેતના હોય છે અને તેને જગાવવાનું કામ સમયે સમયે કરવું પડતું હોય છે. સ્વામી વિવેકાનંદ કોલેજમાં પશ્ચિમનું જીવનદર્શન, યુરોપનો ઈતિહાસ પણ ભણ્યા. ત્યાંના મહાન ફિલોસોફરોનો પણ અભ્યાસ કર્યો. હર્બર્ટ સ્પેન્સર જેવા વિખ્યાત ફિલોસોફર સાથે પત્રવ્યવહાર કર્યો અને તેમના 'એજયુકેશન' પુસ્તકનો બંગાળીમાં અનુવાદ પણ કર્યો.

ભારતમાં પશ્ચિમ બંગાળે વિરાટ જાગૃતિનું કાર્ય કર્યું છે. ટાગોર કલકત્તાનાં, 'વંદે માતરમ્'ના રચયિતા તરીકે જેમને જાણ્યા તે બંકીમચન્દ્ર બંગાળના, શરદબાબુ બંગાળના, સત્યજીત રે બંગાળના, પંડિત રવિશંકર બંગાળના, (હજુ ઘણા નામો છે). આ નામો પહેલાં સ્વામી વિવેકાનંદને યાદ કરો તો જાણે વિશેષણ બની જાય. નરેન્દ્રનાથ દત્તનું 'સ્વામી વિવેકાનંદ'માં રૂપાંતરણ શરૂ થયું તે સ્વામી રામકૃષ્ણને મળ્યા પછી, એક વાર પ્રોફેસર વિલિયમ હેસ્તી વિલિયમ વર્ડસવર્થની 'ધ એક્સ્કર્સન' કવિતા ભણાવી રહ્યા હતા અને તેમાં તેમણે 'ધ્યાન' શબ્દ સંદર્ભે વિદ્યાર્થીઓને કહ્યું કે, દક્ષિણેશ્વર (કલકત્તાનો વિસ્તાર) જઈને રામકૃષ્ણને મળો તો ખ્યાલ આવશે કે આ ધ્યાન શું છે. નરેન્દ્રનાથે તરત આ વાત પકડી લીધી અને પહોંચી ગયા રામકૃષ્ણને મળવા. પહેલી વાર ગયા ત્યારે તો નહીં, બીજી વાર ગયા પછી જીવનમાં પરિવર્તન શરૂ થયું. બાકી તેઓ તો બ્રહ્મોસમાજના સભ્ય હતા, જયાં આ પ્રકારની ધાર્મિક આસ્થાને માનથી જોવાતી નહોતી, પણ રામકૃષ્ણનો ચમત્કાર એવો થયો કે બધું ઓગળવા માંડયું.આ બધા દરમિયાન ઘરનાં મોરચે તો અનેક આફતો લડવાની હતી અને પછી તો તેમનું આરોગ્ય પણ સામું થયું, પણ તેઓ 'યુગકાર્ય' માટે તૈયાર થઈ રહ્યા હતા. અંગ્રેજોના કારણે વિદેશમાં ભારત અને ભારતીય સંસ્કૃતિ વિશે હિણપતભરી વાતો થતી હતી. ભારતીય સંસ્કૃતિ અને તેના જ્ઞાનવારસા વિશે વિશ્ર્વ બહુ ઓછું જાણતું હતું. થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના થયેલી ખરી અને મેકસમૂલર જેવા વિદ્વાનોએ જર્મની અને ઈંગ્લેન્ડમાં વેદ-ઉપનિષદ વિશેનાં અધ્યયન રજૂ કરી ભારત વિશે આદર જગાવવાનું થોડું કામ જરૂર કરેલું, પણ સ્વામી વિવેકાનંદ પશ્ચિમમાં ઘૂમી વળ્યા અને જાણે સંસ્કૃતિનો ધ્વજ ઊંચો જઈ ઉડતો થયો. ૧૮૮૮માં તેમણે પરિવ્રાજક તરીકે મઠ છોડયો અને ભ્રમણ શરૂ થયું. ચાલતા અને રેલવેથી પ્રવાસ કર્યો અને તે વખતે દેશમાં જે કોઈ વિદ્વાન હતા, અભ્યાસી હતા તેને મળ્યા. રાજા અને દીવાનો વચ્ચે ગયા. હિન્દુ ઉપરાંત મુસ્લિમ, ખ્રિસ્તી ધર્મીઓને પણ મળ્યા. સૌ પ્રથમ પહોંચ્યા વારાણસી અને ગૌત્તમ બુદ્ધનાં સ્થળો પર પહોંચ્યા. પછી અયોધ્યા, લખનૌ, આગ્રા, વૃંદાવન, હાથરસ, ઋષિકેશ, હરિદ્વાર ગયા. પણ, જયારે ૧૧ સપ્ટેમ્બર ૧૮૯૩માં તેમણે વિશ્વ ધર્મ પરિષદ (શિકાગો)માં જે તેજસ્વી વાણીમાં ભારતીય ધર્મ-સંસ્કૃતિ વિશે વાત કરી તેનાથી વિશ્ર્વ આખું દંગ રહી ગયું અને મુગ્ધ પણ થયું. ભારતીય સંસ્કૃતિ વિશ્વને નવી દિશા આપી શકે છે, એવી વાત પૂરી પ્રતીતિથી કરી.

તેમની આ વાણી એવી હતી કે અન્ય દેશોએ પણ તેમને નિમંત્ર્યા. પૂરા બે વર્ષ સુધી તેઓ અમેરિકા, ઈંગ્લેન્ડમાં ફરીને વ્યાખ્યાન આપતા રહ્યા અને ૧૮૯૪માં ન્યૂયોર્કમાં 'વેદાંત સોસાયટી'ની સ્થાપના ય કરી. વેદાંત અને યોગ શું છે તે સમજાવ્યું. ૧૮૯૫માં તેઓ માર્ગારેટ એલિઝાબેથ નોબેલને મળ્યા જે આયરીશ સ્ત્રી હતી અને સમય જતાં સિસ્ટર નિવેદીતા બની ગઈ. વિવેકાનંદના ફોલોઅર્સ અમેરિકા, યુરોપના દેશમાં એટલા બધા થઈ ગયા કે નવાઈ લાગે. તેમાં અનેક વિખ્યાત લોકો, વિચારકો પણ હતા. એટલે ૧૮૯૭માં ભારત ફર્યા ત્યારે જાણે તેઓ રાષ્ટ્રનાયક, સંસ્કૃતિ નાયકનું સન્માન પામ્યા. લોકોનું માથું ગૌરવથી જરા ઊંચું થવા માંડયું. આત્મસમ્માન જાગ્યું. યુવાનોના તો જાણે તેઓ હીરો બની ગયા. તેઓ દેખાવમાં પણ હેન્ડસમ. વાક્છટા પણ પ્રભાવી અને સૂક્ષ્મ તર્ક સાથે વાત કરે. ગાંધીજી આવવાને તો હજુ સમય હતો. તેમણે દેશમાં સંસ્કૃતિ- અધ્યાત્મને કેન્દ્રમાં રાખી રાષ્ટ્રચેતના જગાવી. ગાંધીજીએ પછી જેના પર ભાર મૂકયો તે 'વર્ણ' અને 'આશ્રમ' નામની ભારતીય જીવન વ્યવસ્થા વિશે પુનર્વિચાર આહ્વાન કરેલું. તેમણે 'આશ્રમ'ને પણ એક નવું રૂપ આપ્યું. સંન્યાસીઓની વ્યાખ્યા પણ બદલી.દુ:ખ એક જ વાતનું કે માત્ર ચાર દાયકાના જીવનમાં જ તેમનું કાર્ય સમેટાયું, પણ આ દરમિયાન રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી દેશમાં પ્રવર્તાવી. બેલુરમાં સ્થાપેલો મઠ એ રીતે ઐતિહાસિક કહી શકાય. વિવેકાનંદે બગડતી તબિયત વચ્ચે ભારત જ નહીં, ફરી પશ્ચિમના દેશોમાં ગયા છે, ૧૮૯૯ થી ૧૯૦૨ દરમિયાન. એ વખતે વિયેના, ઈસ્તંબુલ, એથેન્સ, ઈજિપ્ત પણ ગયેલા, પરંતુ શરીર તેમને રોકી રહ્યું હતું. આખરે ૪ જુલાઈ, ૧૯૦૨માં તેમની જીવનયાત્રા શમી ગઈ. આ બધું છતાં તેમનો પ્રભાવ તો આજેય એવો જ છે. સ્વામી વિવેકાનંદનું સ્મરણ રાષ્ટ્રમાં નવચેતના જગાડનાર એક ચેતનાનું સ્મરણ છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

# એ ભાઈ દીકરીના માંગુ આવતા સૌથી પહેલાં પાત્રના મિત્રવર્તુળની સાથે વાત કરવાનો ઉપક્રમ રાખતા



**આત્મનાદ**
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

**દોસ્ત મેં તાકાત હોતી હૈ,**
**અપનો કો ઝુકાને કી,**
**વરના સુદામા મેં કહાં તાકાત થી,**
**શ્રીકૃષ્ણ કે પૈર ધુલવાને કી...**

દોસ્તી વજનદાર હોય. મિત્રનો ક્યારેય ભાર ન હોય. મિત્ર માત્ર સાથી નહીં પણ સારથી જેવો હોવો જોઈએ. એક મિત્ર સાથે ઘોર અંધકારમાં ચાલવું અજવાળામાં દોડવા કરતાં વધુ મજેદાર અને અર્થપૂર્ણ હોય છે. શહેરમાં રહેતાં એક ભાઈની વાત છે. એમની દીકરી ગ્રેજ્યુએટ થઈ. યુવાનીના ઉંબરે દસ્તક દેવા લાયક થઈ એટલે એમણે એના વિવાહ માટે યોગ્ય પાત્રની શોધખોળ શરૂ કરી. સગાવહાંલા અને ભાઈબંધોમાં દીકરી માટે યોગ્ય મુરતીયો મેળવવા એમણે વાત વહેતી મૂકી. ધીમે ધીમે લોકોને જાણ થતાં માગા પણ આવવા લાગ્યા. આ ભાઈ જ્યારે પણ માગુ આવે ત્યારે પરિવાર અને સાધન સંપત્તિની તપાસ કરતાં પહેલાં છોકરાંના મિત્રોને આડકતરી રીતે મળવાનો આગ્રહ રાખતાં. છોકરાના ભાઈબંધો પાસેથી ટેકફુલી એના ચરિત્ર અને ચાલચલગતની માહિતી મેળવતાં. આ ભાઈની વાતમાં દમ છે. માત્ર છોકરા માટે નહીં છોકરી માટે પણ અ વાત એટલી જ અગત્યની છે. વ્યક્તિની સાચી ઓળખ એના મિત્ર વર્તુળ ઉપરથી જ થતી હોય.

માણસના જન્મની સાથે જ અનેક સંબંધો પેદા થઈ જતાં હોય છે. માત્ર દોસ્તીનો સંબંધ જ એવો સંબંધ છે કે, વ્યક્તિ પોતાની મરજીથી બાંધતો હોય છે. સાચું પુછો તો દોસ્તી અને શિષ્ટાચાર વ્યક્તિને એવી ઉંચાઈ પર લઈ જતો હોય છે કે જ્યાં દુનિયાની કોઈ દોલત એને પહોંચાડવા માટે સક્ષમ નથી. મિત્રતાની ભાષા શબ્દોના શણગારમાં નથી હોતી. દોસ્તી જીવનનો સંપૂર્ણ અર્થ હોય છે. સાચો મિત્ર યોગ્ય સલાહ આપતો હોય છે. મુશ્કેલીમાં સહજતાથી ખભે ખભો મિલાવીને પડખે ઊભો રહેતો હોય છે. હસતાં હસતાં જોખમ ઉઠાવવા મિત્ર હંમેશા તૈયાર હોય છે. ખોટા માર્ગે પડતાં કદમ પાછા વાળનારો સાચો મિત્ર છે.



એક મિત્રના ઘરે એની ગેરહાજરીમાં એનો અંગત મિત્ર આવ્યો. એને આવશ્યકતા હતી એટલે દોસ્તની પત્ની પાસે રૂ. ૨૫૦૦૦ની માગણી કરી. પતિનો ઘનિષ્ટ મિત્ર હતો એટલે પત્નીએ કોઈ પણ પ્રશ્ન પુછ્યા વગર તિજોરીમાંથી ૨૫ હજાર રૂપિયા કાઢીને પતિના મિત્રને આપી દીધા. સાંજે ઓફિસેથી પતિ ઘરે આવતાં પત્નીએ બપોરે ઘટેલી ઘટના વિશે પતિને જાણકારી આપી. પતિ એકદમ ઉદાસ અને ખિન્ન થઈ ગયો. પત્નીએ પૂછ્યું, ' તમને ન ગમ્યું કે, મેં તમને પૂછ્યા વગર તમારા મિત્રને ૨૫ હજાર રૂપિયા આપી દીધા ? ' પતિએ ઉદાસ વદને ધીમા અવાજે કહ્યું, ' ના. તેં તો બહુ સારુ કામ કર્યું કે મારા મિત્રને જરૂર હતી અને તે પળનોય વિલંબ કર્યા વગર એની મુશ્કેલીમાં મદદ કરી. મને અફસોસ તો એ વાતનો છે કે, મારા મિત્રની આર્થિક કટોકટીનો એ માગવા આવ્યો ત્યાં સુધી મને ખ્યાલ જ ન આવ્યો. કેટલી મજબુરી હશે કે એને તારી પાસે ૨૫ હજાર રૂપિયા માગવા પડે એવી સ્થિતિનું નિર્માણ થયું. '

આ આખી ઘટનામાં મિત્રતાની સંવેદનાસભર મહેક છે. દોસ્તી બનાવી શકાતી નથી, દોસ્ત અકસ્માતે નથી બનતાં. મિત્રાતા એટલે બે શરીરમાં રહેતો એક આત્મા. દોસ્ત એવો ન હોવો જોઈએ કે, સમય સાથે બદલાઈ જાય. માથું હલાવે તો મિત્ર પણ માથું હલાવે તો એ દોસ્તી નથી એ તો માત્ર દેખાવ છે. આવું કામ તો વ્યક્તિનો પડછાયો વધુ સારી રીતે કરી શકે. સમાન વિચારધારા દોસ્તીની ધરોહર હોય છે. મિત્રતા રેલવેના બે પાટા જેવી છે. હંમેશા એકમેકની સાથે રહે છે. સમાન વિચારધારાથી મિત્રતા બની જતી હોય છે. મિત્ર તો ચેલેન્જ કરે, ઈન્સ્પાયર કરે અને ઈમોશનથી સાથે જોડાયેલો રહે.

વ્યક્તિની અંદરની દુનિયાના દર્શન એક સાચો મિત્ર જ કરાવી શકે. એ દુનિયા એવી દુનિયા હોય કે જેનો વ્યક્તિના જીવનમાં મિત્રના પ્રવેશ પહેલાં પરિચય જ ન હોય. અયોગ્ય અને જુદી વિચારસરણીવાળા ચરિત્ર વગરના દુષ્ટ મિત્ર જંગલી જાનવરથી પણ વધુ ખતરનાક હોય છે. કોઈપણ વ્યક્તિના ચરિત્ર અને સફળતા પાછળ એના મિત્રવર્તુળનું બહુ મોટું યોગદાન હોય છે. સાચા દ્રષ્ટિકોણવાળા મિત્રોનો ચરિત્ર નિર્માણમાં હાથ હોય છે. વ્યક્તિએ પોતે નક્કી કરવાનું હોય કે, કેવું મિત્રવર્તુળ એના માટે યોગ્ય છે.

દોસ્તી ભરોસાની બુનિયાદ ઉપર નિષ્ઠાનાં ચણતરથી બનતી મજબૂત સંબંધોની ઈમારત છે. મિત્રતા વય, જાતિ, પદ કે વ્યક્તિ સુધી કયારેય સિમિત નથી હોતી. દોસ્તી બે પુરુષ વચ્ચે કે પુરુષ સ્ત્રી વચ્ચે કે પછી માનવી અને જાનવર વચ્ચે પણ હોઈ શકે છે. ધન-દોલતના ઢગલાં કરતાં મિત્રતાનું મૂલ્ય વધુ છે. દોસ્તી એક સમર્પિત સંબંધ છે. મિત્રતાનું સૌથી મહત્વનું પાસુ સમર્થનનું છે. મિત્રની વાતને સચ્ચાઈ અને અચ્છાઈથી સમર્થન આપવાનો અનોખો આનંદ હોય છે. સાથીને સાચી દિશામાં માર્ગદર્શકની ભૂમિકા ભજવે એ મિત્ર સાચો. જીવનના આનંદનું કારણ મિત્રની હાજરી છે.

પહેલાના જમાનામાં સંયુક્ત પરિવારની મજબુત પરિભાષા હતી. વ્યક્તિ પરિવારના સભ્યો સાથે રહેતો અને પ્રત્યેક અવસરનો કુટુંબ સાથે આનંદ લેતો. ક્રમશ: પારિવારિક ભાવના ભુલાતી જાય છે. અલગ અલગ રહેવાની પ્રણાલીમાં મિત્રોના મહત્વનો અહેસાસ વધુ બળવત્તર બનતો જાય છે. બાળકો અભ્યાસ અને વ્યવસાય માટે વિદેશ જવા લાગ્યા છે. વયસ્કો એકલા પડવા લાગ્યા છે. વયસ્કોને મિત્રમંડળીના કારણે પાછલી અવસ્થામાં જીવન જીવવા જેવું લાગે છે. અન્યથા એક બુઝુર્ગ મિત્રો વગર બિમારીઓના નામ ગણતો થઈ જાય છે. મિત્ર શિક્ષક પણ છે અને સમર્થક પણ છે. મિત્ર પરિવારમાં નથી પણ પરિવારના સભ્ય જેવો છે.

**ધબકાર :**
**દુશ્મનને દોસ્ત બનવાના હજાર અવસર આપવા જોઈએ પણ દોસ્તને દુશ્મન બનવાનો એક પણ મોકો ન અપાય.**